પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૫૦ | ૯ ઓગસ્ટ, ૨૦૨૧, સોમવાર; શ્રાવણ સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# કાશ્મીરમાં આતંકી ફંડીંગ મામલે દરોડા

**અલગતાવાદી સંગઠન જમાત-એ-ઇસ્લામીના સભ્યોની તપાસ કરાઇ : ૪૦થી વધુ સ્થળે NIAના દરોડા : આતંકીઓને ફંડિંગ પૂરૂ પાડવાનો આરોપ : આતંકીઓ-તેમના પરિવારોને મદદ કરવા માટે રૂપિયા એકઠા કરવામાં આવતા હોવાની માહિતીના આધારે દરોડા**




નવી દિલ્હી, તા.૮

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (ફ્ૈંછ) દ્વારા રવિવારે જમ્મુ-કાશ્મીરના અલગ-અલગ સ્થળો પર દરોડા પાડવામાં આવ્યા છે. આ દરોડા અનંતનાગ જિલ્લામાં આતંકી ફિંડિગ મામલે પાડવામાં આવ્યા છે. કહેવાય છે કે જમાત-એ-ઈસ્લામીના ૪૦થી વધારે ઠેકાણા પર ફ્ૈંછ દ્વારા એક સાથે રેડ પાડવામાં આવી છે. આ પહેલા ૧૦ જુલાઈએ ફ્ૈંછએ ટેરર ફંડિંગ મામલે જમ્મુ-કાશ્મીરમાં છ લોકોની ધરપકડ કરી હતી. ફ્ૈંછની ટીમે ડોડા, કિશ્તવાડ, અનંતનાગ, બડગામ, રાજૌરી અને શોપિયા સહિત જગ્યાઓ પર દરોડા પાડ્યા છે. જમાત-એ-ઈસ્લામીના સભ્ય ગુલ મોહમ્મદ વારના ઘરે દરોડા પાડવામાં આવ્યા છે. એક દિવસ પહેલા જ જમ્મુ-કાશ્મીરના અગિયાર સરકારી કર્મચારીઓના આતંકીઓ સાથે સંબંધ રાખવાના આરોપમાં સસ્પેન્ડ કરાયા હતા. સસ્પેન્ડ કરાયેલા લોકોમાં હિજબુલ મુઝાહિદીનના સંસ્થાપક સૈયક સલાહુદીનના દીકરાનો પણ સમાવેશ થાય છે. દિલ્હીની એક કોર્ટે કથિત હિઝ્બુલ મુઝાહિદીન

● અનુસંધાન પાન-૭ પર

## ઈસરો અંતરિક્ષમાં ભારતના ચોકીદારને તૈનાત કરશે

**આકાશમાંથી ચીન અને પાકિસ્તાન પર રહેશે બાજ નજર : ૧૫ ઓગસ્ટના ત્રણ દિવસ પહેલાં ભારત ઉપગ્રહ જીસેટ-૧ લોન્ચ કરશે : ૧૨ ઓગસ્ટ સવારે ૫.૪૩ કલાકે શ્રીહરિકોટાથી લોન્ચ કરવામાં આવશે**

નવી દિલ્હી, તા.૮

સ્વતંત્રતા દિવસનો જશ્ન આ વખતે ડબલ થવાનો છે, કારણ કે ભારત આકાશમાં વધુ એક છલાંગ લગાવવા તૈયાર છે. આઝાદીના જશ્નની તૈયારીઓ વચ્ચે ૧૨ ઓગસ્ટના ઈસરો અંતરિક્ષમાં ભારતના ચોકીદારને તૈનાત કરવાનું છે. હકીકતમાં ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશનના શ્રીહરિકોટા સ્થિત સતીષ ધવન અંતરિક્ષ કેન્દ્રથી આગામી સપ્તાહે જીએસએલવી-એફ ૧૦ દ્વારા ધરતી પર નજર રાખનાર ઉપગ્રહ ઈઓએસ-૦૩નું પ્રક્ષેપણ કરવામાં આવશે. તેના પ્રક્ષેપણથી ભારતને ફાયદો મળવાનો છે.




ઈસરોએ કહ્યું કે, પ્રક્ષેપણ ૧૨ ઓગસ્ટે સવારે પાંચ કલાક ૪૩ મિનિટ પર કરવામાં આવશે. પરંતુ તે હવામાનની સ્થિતિ પર નિર્ભર રહેશે. ઈઓએસ-૦૩ અત્યંત અદ્યતન ઉપગ્રહ છે, જેને જીએસએલવી એફ ૧૦ યાનની મદદથી ધરતીની કક્ષામાં સ્થાપિત કરવામાં આવશે. જો આ પરીક્ષણ સફળ રહે છે તો ભારતની તાકાતમાં વધુ વધારો થશે અને હવામાન સંબંધી ગતિવિધિઓને સમજવામાં વધુ સરળતા રહેશે.

● અનુસંધાન પાન-૭ પર

## તાલિબાની કેમ્પ પર હવાઈ હુમલા : ૫૦૦ આતંકી ઠાર

**તાલિબાન કેમ્પ પર અમેરિકી વાયુસેનાએ કરી બોમ્બ વર્ષા : હવાઈ હુમલામાં મોટી સંખ્યામાં તાલિબાનના હથિયાર- દારૂગોળા સહિત ૧૦૦થી વધુ વાહનો પણ નષ્ટ થયા છે**

(જી.એન.એસ.)કાબૂલ,તા.૮

અમેરિકન વાયુસેનાએ જાવજાન પ્રાંતના શેબરઘન શહેરમાં તાલિબાનના કેમ્પ પર હવાઈ હુમલો કર્યો છે. અફઘાન રક્ષા મંત્રાલયના અધિકારીના મતે આ દરમિયાન તાલિબાનને મોટુ નુકસાન થયું છે. શેબરઘન શહેરમાં વાયુસેનાએ તાલિબાનની સભાઓ અને ઠેકાણાને બી-૫૨ બોમ્બવર્ષાથી નિશાન બનાવ્યા, જેમાં આતંકવાદી સંગઠનના લગભગ ૫૦૦થી વધુ આતંકીઓનો ખાત્મો બોલાવી દીધો છે.

અફઘાન રક્ષા મંત્રાલયના એક અધિકારી ફવાદ અમને ટ્વીટ કર્યું કે આજે સાંજે વાયુ સેનાએ તાલિબાનની સભા અને ઠેકાણાને નિશાન બનાવ્યા. અમેરિકન વાયુ સેનાના હવાઈ હુમલાને કારણે આતંકવાદીઓને ભારે નુકસાન થયું છે. શેબરઘન શહેરમાં ૨૦૦થી વધુ આતંકીઓ માર્યા ગયા છે. આ સિવાય હવાઈ હુમલામાં મોટી સંખ્યામાં તેના

● અનુસંધાન પાન-૭ પર



## દિલ્હી એરપોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી

**પોલીસે દિલ્હી એરપોર્ટની સુરક્ષા વધારી : એપ્રિલ મહિનામાં દિલ્હી એરપોર્ટ પર એક વિમાનને બોમ્બથી ઉડાવવાની ધમકી બાદ ફરી એકવાર મેલ આવ્યો**




નવી દિલ્હી, તા.૮

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. તે માટે અલકાયદાના નામથી ઈમેલ આવ્યો છે, જેમાં થોડા દિવસમાં એરપોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. આ મેલ મળ્યા બાદ એરપોર્ટ પર સુરક્ષા વધારી દેવામાં આવી છે. શનિવારે સાંજે આવેલા આ ઈમેલમાં એક કપલનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને તેના દ્વારા બોમ્બ રાખવાની વાત કહેવામાં આવી છે. આ મેલમાં કહેવામાં આવ્યું છે કે કરણબીર સૂરી ઉર્ફે મોહમ્મદ જલાલ અને તેની પત્ની શૈલી સારા ઉર્ફે હસીના રવિવારે સિંગાપુરથી ભારત આવી રહ્યાં છે. તે એરપોર્ટ પર આગામી એકથી ત્રણ દિવસમાં બોમ્બ રાખવાનું ષડયંત્ર રચી રહ્યાં છે. મેલ દ્વારા આ ધમકી મળ્યા બાદ સુરક્ષા એજન્સીઓ એલર્ટ થઈ ગઈ છે અને આઈજીઆઈ પર સુરક્ષા વધારી દેવામાં આવી છે. એરપોર્ટ પર આવતા-જતા વાહનોની તપાસ કરવામાં આવી રહી છે, સાથે બધા ટર્મિનલ પર ચેકિંગ વધારી દેવામાં આવ્યું છે. આ મેલની તપાસ કરવા પર સામે આવ્યું છે કે પહેલા પણ આ નામો દ્વારા ધમકીભર્યા મેલ આવી ચુક્યા છે. પોલીસે જણાવ્યું કે પહેલા પણ કરણબીર અને શૈલીને આઈએસઆઈએસના સભ્ય

● અનુસંધાન પાન-૭ પર

## મોદી કિસાનોના ખાતામાં મોકલશે ૨૦૦૦ રૂપિયા

નવી દિલ્હી, તા.૮

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ (ઁસ્ દ્વૈજીટ્ઠહ) યોજના હેઠળ નાણાકીય લાભનો આગામી હપ્તો ૯ ઓગસ્ટ બપોરે ૧૨.૩૦ કલાક વીડિયો કોન્ફરન્સ દ્વારા જારી કરશે. પ્રધાનમંત્રી કાર્યાલયે એક અખબારી યાદીમાં તેની સૂચના આપી છે. અખબારી યાદીમાં કહેવામાં આવ્યું છે કે, તેનાથી ૯.૭૫ કરોડથી વધુ કિસાન પરિવારોના ખાતામાં ૧૯૫૦૦ કરોડ રૂપિયાથી વધુની રકમ સીધી એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવામાં આવશે. આ દરમિયાન પીએમ મોદી કિસાનો સાથે વાતચીત પણ કરશે અને રાષ્ટ્રને સંબોધિત કરશે.

## દેશમાં સતત બીજા દિવસે ૪૦ હજારથી ઓછા કેસ

નવી દિલ્હી, તા.૮

ભારતમાં કોરોનાની બીજી લહેર હવે સ્થિર છે. દેશભરમાં આશરે ૪૦ હજાર નવા કેસ સામે આવી રહ્યાં છે. રવિવારે સવારે સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી જારી આંકડા અનુસાર છેલ્લા ૨૪ કલાકમાં ૩૯૦૭૦ નવા કોરોના કેસ આવ્યા અને ૪૯૧ લોકોના મૃત્યુ થયા છે. પરંતુ આ દરમિયાન ૪૩૯૧૦ લોકો સાજા પણ થયા છે, એટલે કે કાલ કરતા એક્ટિવ કેસમાં ૫૩૩૧નો ઘટાડો થયો છે. ઓગસ્ટમાં આ ત્રીજીવાર છે જ્યારે કોરોનાના નવા કેસ ૪૦ હજારથી ઓછા નોંધાયા છે.

## કોવેક્સીન-કોવિશીલ્ડના મિક્સ ડોઝ બિલકુલ સુરક્ષિત : આઈસીએમઆર

**રસીકરણ બાદ નિષ્ક્રિય વાયરસ ન માત્ર સુરક્ષિત હતો, પરંતુ સારી ઇમ્યુનોજેનેસિટી પણ હાસિલ થઈ છે**

નવી દિલ્હી, તા.૮

જો કોઈ વ્યક્તિએ પહેલા કોવેક્સીનનો ડોઝ લીધો છે અને બાદમાં તેને કોવિશીલ્ડનો ડોઝ લગાવવામાં આવે તો તેવામાં બંને વેક્સિનને મિક્સ કરી શું અસર થશે? આવા ઘણા સવાલ છે જેનો ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચએ એક સ્ટડીમાં જવાબ આપ્યો છે.

આઈસીએમઆરની સ્ટડીમાં કહેવામાં આવ્યું છે કે એક એડિનોવાયરસ વેક્સિન પ્લેટફોર્મ-આધારિત વેક્સિન બાદ સંપૂર્ણ રીતે નિષ્ક્રિય વાયરસ વેક્સિન કોમ્બિનેશનની સાથે વેક્સિનેશન ન માત્ર સુરક્ષિત હતી, પરંતુ તેનાથી સારી ઈમ્યુનોજેનેસિટી પણ હાસિલ થઈ છે. તેનાથી તે સાબિત થાય છે કે કોવિશીલ્ડ અને કોવેકસીનના ડોઝ મિક્સ કરી લેવાથી કોરોના સંક્રમણ વિરુદ્ધ સારી સુરક્ષા મળી શકે છે. આઈસીએમઆર તરફથી વેક્સિનની મિક્સિંગ અને મેચિંગને લઈને આ સ્ટડી કરવામાં આવી છે. આ સ્ટડીના પરિણામ ખુબ સકારાત્મક જોવા મળી રહ્યાં છે. ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયાની એક નિષ્ણાંત પેનલે જુલાઈમાં કોવેક્સિન અને કોવીશિલ્ડ રસીના મિક્સ ડોઝ પર એક અભ્યાસની ભલામણ કરી હતી.

સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઈઝેશન સબ્જેક્ટ એક્સપર્ટ કમિટીએ કહ્યું હતું કે આ સ્ટડીનો ઉદ્દેશ્ય તે આકલન કરવાનો હતો કે શું કોઈ વ્યક્તિને બે અલગ-અલગ વેક્સિનના ડોઝ આપી શકાય છે. વેક્સિનેશન કોર્સ પૂરો કરવા માટે એક વ્યક્તિને કોવિશીલ્ડ અને કોવેક્સિનના અલગ-અલગ શોટ્સ આપી શકાય છે.




ગાંધીનગરમાં
ધોરણ ૬ થી૮ના વિદ્યાર્થીઓ માટે ઉત્તમ અને શ્રેષ્ઠ અભ્યાસ
ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી વિષયમાં પર્સનલ ટ્યુશન માટે સંપર્ક કરો
મો. ૯૮૯૮૮૮૪૭૭૧

